રાંધેજામાં ભૂગર્ભ ગટરના કામના અંતે ભયંકર પરિસ્થિતિ : ગ્રામજનો ત્રાહીમામ

યોગ્ય માટીપુરાણના અભાવે મોટામસ ગાબડા : ગામના રસ્તાઓ તુટેલા હોવાથી વાહન વ્યવહારમાં પણ મુશ્કેલી

ગાંધીનગર, તા. ૩

રાંધેજામાં રૂરલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અન્વયે હાથ ધરાયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ગ્રામજનો ત્રાહીમામ પોકારી ગયા છે. આ કામગીરી સંદર્ભે ૩૦ ફૂટ નીચે સુધીનું ખોદાણ થયા બાદ હાલ વરસાદી દિવસોમાં માટી પોલાણ વચ્ચે કાદવ કીચડ સાથે ગંદકીના ઢગ જામ્યા છે. તુટેલા અને ગાબડાગ્રસ્ત માર્ગોના લીધે ગ્રામજનો વાહનો લઈને અવર-જવર કરી શકતા નથી. જેના પરિણામે ગ્રામજનોએ ખેતર ખુંદીને જવા માટે રસ્તો કાઢવો પડે છે.

રાંધેજામાં ભૂગર્ભ ગટર લાઈનની કામગીરી સંદર્ભેઅગાઉ ૩૦ થી ૪૦ ફૂટ નીચે સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું. જ્યારે આ કામગીરી અન્વયે ગામના રસ્તાઓ પણ ખોદી નાંખવામાં આવ્યા છે. રાંધેજા ગામના અગ્રણી વિષ્ણુભાઈ રાવલે આ અંગે રજૂઆતમાં જણાવ્યું અનુસાર ભૂગર્ભ ગટરના કામ દરમિયાન રાંધેજા ગામમાં અવરજવર કરવાનો રસ્તો તોડી નાંખવામાં આવ્યો છે જે આજદિન સુધી રીપેર કરવામાં આવ્યો નથી. જ્યારે પાણીની તુટેલા જોડાણો આડેધડ જોડી દેવાતા નળમાં દુર્ગંધરહિત અને દૂષિત પાણી આવતુ હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. યોગ્ય માટી પુરાણના અભાવે વરસાદી દિવસોમાં કાદવ-કીચડ વચ્ચે માટીપોલાણ થતા ભયજનક સ્થિતિ ઉદ્‌ભવી છે. તુટેલા રસ્તા પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવતા લગ્ન કે મરણ પ્રસંગે જવા ગ્રામજનોએ વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ગટર લાઈનના ગાબડાના લીધે શાળાએ જતા બાળકોના પણ જીવ જોખમમાં મુકાય તેવી જોખમી સ્થિતિ ઉદ્‌ભવી છે. ગંદકી અને કાદવ કીચડના લીધે ગામમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા ગમે ત્યારે રોગચાળો જોર પકડે તેવી સ્થિતિ છે. આ મામલે અનેકવાર રજૂઆત કરવા છતાં જિલ્લા વિકાસ અધિકારી કક્ષાએથી કોઈ પગલા લેવાયા નથી. આ મામલે ત્વરિત કોઈ કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

(તસવીર : દિપક જાની)

માઉન્ટ કાર્મેલ ખાતે લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન આજે ઉત્સાહના વાતાવરણમાં યોજાયું હતું. ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી ભાષાના વિષય નિષ્ણાંત ડૉ. જગદીશ જોષી સહિત અનેક અધ્યાપકોની ઉપસ્થિતિમાં લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ પ્રસંગે સિસ્ટર રેણુકાએ લાયબ્રેરીની વિગતો આપી સંસ્થાનો પરિચય આપ્યો હતો.

એલસીબીનો સે. ૨૪માં ભંગારનાં ગોડાઉનમાં મોડી રાત્રે દરોડો

કોપર, એલ્યુમીનીયમના કોથળા મળીને ૯૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પાંચની ધરપકડ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે સ્થિત એક ભંગારના ગોડાઉનમાં એલસીબીની ટીમે મોડી રાત્રે બાતમીને આધારે દરોડો પાડી એલ્યુમીનીયમ અને કૉપર જેવી ધાતુના કોથળા મળીને રૂ. ૯૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પાંચ આરોપીઓની ધરપકડ કરી જામીન પર મુક્ત થયા છે. પકડાયેલો જથ્થો ચોરીનો છે કે કેમ ? તેની ખરાઈ એલ.સી.બી.ની ટીમ કરી રહી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારની ટીમના કોન્સ્ટેબલ અશ્વિનસિંહ, કનકસિંહ, સંદિપસિંહ સહિતની ટીમે બાતમીને આધારે ગત મોડી રાત્રે સેક્ટર-૨૪નાં આદીનાથ સ્ટીલ નામના ભંગારના ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો. ગોડાઉનમાંથી કૉપરનાં પાંચ કોથળા અને એલ્યુમીનીયમના પાંચ કોથળા ઉપરાંત છુટા કેબલ વાયરો મળી આવ્યા હતા. ૯૧ હજારની કિંમતનો આ મુદ્દામાલ ચોરીનો છે કે કેમ તે તપાસ ચાલી રહી છે. એલસીબી પોલીસે ૯૧ હજારનો માલ જપ્ત કરી બોરીજ ગામના કમલેશ ખીમજી ભરાડા, આદીવાડાના અરજણ ઊર્ફે ટીના દેવીપૂજક, રામગોપાલ રામવિશ્વાસ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી આજે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે જામીન પર પાંચેયને મુક્ત કર્યા છે. એલસીબીએ ૯૧ હજારનો માલ ચોરીનો છે કે કેમ ? તેની તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

રાત્રે અઢી વાગે ગાડીમાં છરો લઈને જતો શખ્સ ઝડપાયો

સે. ૨૪ મેલડી મંદિર પાસેથી પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન પકડીને પુછપરછ હાથ ધરી

ગાંધીનગર, તા. ૩

શહેરની સેક્ટર-૨૧ પોલીસ રાત્રે પેટ્રોલીંગમાં સે. ૨૪ પાસેથી નીકળી હતી તે દરમ્યાન મેલડી માતાજીના મંદિર પાસેથી ગાડી લઈને નીકળેલા શખ્સને ઉભો રાખી ચેકીંગ કરતા ગાડીમાંથી છરો મળી આવ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરીને છરો રાખીને અડધી રાત્રે ફરવા પાછળનો ઈરાદો જાણવા ઉંડી પુછપરછ શરૂ કરી છે.

રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવ્યુ છે ત્યારે સેક્ટર-૨૧ પોલીસ પેટ્રોલીંગમાં રાત્રે ગ-માર્ગ પર સે. ૨૪ નજીક પહોંચી હતી તે દરમ્યાન મેલડી માતાજીના મંદિર નજીકથી એક મારૂતી ફન્ટી ગાડી નીકળી હતી. આ ગાડીને ઉભી રખાવી પુછપરછ કરતાં સે. ૨૯માં પ્લોટ નં. ૬૫૯/૨માં રહેતો ઈરફાન શાહીરહુસૈન કુરેશી હોવાનું જાણવા મળ્યું હતું. તેની ગાડી તપાસતા ગાડીમાંથી એક છરો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. રાત્રે અઢી વાગ્યે સે. ૨૯માં રહેતા શખ્સને સે. ૨૪માં છરા સાથે આવવાની જરૂર કેમ પડી ? સે. ૨૧ પોલીસે કલમ ૧૩૫ મુજબ ઈરફાનની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

ઈન્દ્રોડા ગામે મહામંડલેશ્વર સ્વામી રામશરણગીરી મહારાજ(મૌનીબાપુ) દ્વારા ઉત્તરાખંડના પીડિતે સહાય

ગાંધીનગર, તા.૩

ઉત્તરાખંડમાં થયેલ કુદરતી હોનારતમાં ગાંધીનગરના ઈન્દ્રોડા ગામના ઈન્દ્રોણી માતાના ટ્રસ્ટ દ્વારા રૂપિયા ૫૧,૦૦૦નો ફાળો આપવામાં આવેલ. ભોલેશ્વર મહાદેવ, હિંમતનગરના ટ્રસ્ટ દ્વારા એક ટ્રક સામાન જેમાં દવાઓ, કપડાં તથા ફુડપેકેટ, જીવનજરૂરિયાતની સાધનસામગ્રી વિગેરે ત્રિયુગ નારાયણ હિમાલયના મહામંડલેશ્વર સ્વામી રામશરણગીરીજી મહારાજ (મૌનીબાપુ) દ્વારા સહાય કરવામાં આવી.

પુ. મૌનીબાપુની પ્રેરણાથી સૌ પ્રથમવાર કેદારનાથમાં મોબાઈલ ટાવર શરૂ કરાવીને પાંચસો જેટલા યાત્રાળુઓને ત્યાં બચાવી લેવામાં આવ્યા હતા.

ઉત્તરાખંડના રાજયપાલની સહાયથી હેલીકોપ્ટરની મદદથી બચાવ રાહતની કામગીરી મૌનીબાપુ અનેલશ્કરના કમાન્ડોની સાથે રહીને બચાવરાહતની કામગારી કરવામાં આવી હતી. ૨૫૦ જેટલી સોલાર લાઈટ મોનીબાપુ દ્વારા ઉત્તરાખંડમાં પહોંચાડવામાં આવી. ઉપરાંત ત્રિયુગી નારાયણ હિમાલયમાં મૌનીબાપુ દ્વારા ૩૧ બાળકોને દત્તક લઈ તેઓની સારસંભાળની કામગીરી કરવામાં આવી.

આજે રોટરી કલબ દ્વારા નિઃશુલ્ક નિદાન યજ્ઞ

ગાંધીનગર શહેરના પંચદેવ મંદિર પાછળ ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે તા. ૪ઓગસ્ટના રોજ કિડની, પથરી, પ્રોસ્ટેટ, મૂત્રાશય વગેરે અંગેની બિમારીનો વિના મૂલ્યે નિદાન કેમ્પ રોટરી કલબ ગાંધીનગર દ્વારા યોજાશે. આ પ્રસંગે યુરોફલોમેટરી ટેસ્ટ પણ વિના મૂલ્યે કરવામાં આવશે. જેનો દર્દીઓ લાભ લઈ શકશે. રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા બોડીલાઈન હોસ્પિટલ અમદાવાદના સહયોગથી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં કિડની, પેશાબની નળી, મૂત્રાશયની પથરીની સારવાર, પ્રોસ્ટેટ તથા પ્રોસ્ટેટ કેન્સરની તપાસ, પેશાબનું નિયંત્રણ ન રહેવું, પુરુષ વ્યંધત્વ, સેકસને લગતા રોગોની તપાસ ડૉ. શૈલેષ શાહ, ડૉ. અસીમ શાહ, ડૉ. દેવાંગ ઠક્કર, ડૉ. વૈભવ ચૌહાણ દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગરના ૪૯મા સ્થાપના દિને વનશ્રી ટ્રસ્ટ અને બી.પી.સી.બી.એ. કોલેજના ૨૦૦ સ્વયંસેવકોએ એક સાથે ૧૦૦૦ જેટલા છોડવાઓનું ગાંધીનગરના તમામ સેક્ટરોની શાળાઓમાં અને સંસ્થાઓમાં એક જ સમયે 'મેગા ટ્રી પ્લાન્ટેશન' કરી સુંદર કાર્યક્રમ યોજ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ધ્રુવ જાની, તેજસ પરમાર, રવિરાજ સોલંકી, અંકિત પંડ્યા, જયેન્દ્રસિંહ સોલંકી, માર્ગી દેસાઈએ સરાહનીય કામગીરી સંભાળી હતી એમ ચૈતન્ય નિમાવત અને રમાકંત પુષ્ટીએ જણાવ્યું હતું.

નવનિર્માણ સેના દ્વારા ગાંધીનગરના સ્થાપના દિને ફળ વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના જન્મદિન નિમિત્તે નગરની નવ નિર્માણ સેનાના સ્વયંસેવકો અને કાર્યકર્તાઓએ સિવિલ હોસ્પિટલમાં જઈ જરૂરીયાત મંદ અને દર્દીઓને ફળોનું તથા દૂધના પાઉચનું વિતરણ કર્યું હતું.

નવનિર્માણ સેના જે ગાંધીનગરમાં ઘણા સમયથી સેવાકીય પ્રવૃતિમાં હંમેશા કાર્યરત રહી છે અને ચાહે એ ગાંધીનગરના શહેરીજનોનો પ્રશ્ન હોય કે પછી કોઈ પણ સેવાકીય પ્રવૃત્તિ હોય ત્યારે નવનિર્માણ સેના હંમેશા અગ્રેસર રહી છે. અને આજે નવનિર્માણ સેના દ્વારા ગાંધીનગર સ્થાપના દિન નિમિત્તે એક અલગ જ રીતે ગાંધીનગરનો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો. આ સંદર્ભે નવનિર્માણ સેનાના કાર્યકરો દ્વારા સિવિલ હોસ્પિટલના દર્દીઓ જોડે ખાટી મીઠી વાતો કરી સમય પણ વિતાવ્યો.

આ કાર્યક્રમમાં નવનિર્માણ સેનાના અધ્યક્ષ જનકભાઈ ઠક્કર તેમજ નવનિર્માણ સેનાના ગાંધીનગરના બધાજ કાર્યકરો હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો. એવું જનકભાઈ ઠક્કરે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ચિંતન શિબિર મુલતવી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા તા. ૪ ઓગષ્ટના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાનાર ચિંતન શિબિર અતિ ભારે વરસાદના કારણે મુલતવી રાખવામાં આવી છે. આ શિબિર આગામી ટૂંક સમયમાં યોજાશે. જેની સર્વે જ્ઞાતિ મિત્રોએ નોંધ લેવા મહામંત્રીશ્રી નિમેષ વાઘેલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

વાવોલમાં શ્રાવણ માસ પારાયણનો પમીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૩

શ્રી સ્વામીનારાયણ મંદિર વાસણા સંસ્થા અને વાવોલ સત્સંગ મંડળના સહયોગથી આવતીકાલે પમી ઓગષ્ટથી ૭મી ઓગષ્ટ દરમિયાન શ્રાવણ માસની પારાયણ ભક્તિ અને સત્સંગ સાથે યોજાશે.

વાવોલ ગામના દ્વારકેશ રેસિડેન્સી નારાયણનગર ખાતે પમીએ શ્રાવણમાસ પારાયણ અંતર્ગત 'સંત સમાગમ કીજે' પૂ. ભવ્ય સ્વામી દ્વારા યોજાશે. ૬ઠ્ઠીએ 'ભગવાનનો આશરો' નિર્ગુણસ્વામી દ્વારા અને ૭મીએ 'મહામંત્રનો પ્રતાપ' પૂ. સ્વામીશ્રી દ્વારા યોજાશે. સંતોની દિવ્યવાણીનો ભક્તજનો ત્રિદિવસ લાભ લઈ શકશે.

ગુંજન લાફીંગ કલબની કારોબારી મિટિંગ ૭ ઓગસ્ટે યોજાશે

ગાંધીનગર, તા.૩

ગુંજન લાફીંગ કલબ સેકટર-૨૨ના તમામ સભ્યોને જણાવવાનું કે, તા. ૭ઓગસ્ટના રોજ સવારે ૮ કલાકે સેકટર-૨૨ના બગીચામાં ગુંજન લાફીંગ કલબની કારોબારીની પુનઃ રચના કરવા માટેનો કાર્યક્રમ રાખેલ છે જેમાં હાસ્ય થેરાપીનો પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ છે તો દરેક ભાઈ-બહેનોએ હાજર રહેવા વિનંતી છે.

સેકટર-૩-ન્યુના બગીચામાંથી નિંદામણ કાઢવા સ્થાનિકોની માંગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં ચોમાસાની ઋતુના કારણે નગરમાં ચોમેર લીલોતરી પ્રસરી ગઈ છે. પરંતુ ગાંધીનગરની ઓળખ સમા વિવિધ સેકટરોમાં આવેલા બગીચાઓમાં ઉગેલી લોનની સાથે બીજી ઘણી બધી અન્ય વનસ્પતિ પણ ઉગવા પામી છે. આ વનસ્પતિનો યોગ્ય રીતે નાશ કરી એને વેળાસર કાપવામાં આવે તો સેકટરોના બગીચાઓ બચી શકે તેમ છે. બગીચાઓમાં આ વધારાની બિન ઉપયોગી વનસ્પતિના થર થતાં આમાં ઝેરી જીવ જંતુ ભરાઈ રહેવાની દહેશત પણ ઉત્પન્ન થવા પામી છે.

સેકટર-૩-ન્યુમાં આવેલ બગીચામાં પણ આજ સ્થિતિ જોવા મળી રહી છે. બગીચો આમ તો સેકટરની ઓળખ સાથો સાથ બાળકોને રમવા માટેનું ઉત્તમ સ્થળ પણ છે. આ બગીચામાં જ ઘણા બધા સ્થાનિકો મોર્નિંગ વોક પણ કરતા હોય છે. પરંતુ પ્લોટ નંબર ૧૭૨/૨ના ખૂણા ઉપર આવેલી જગ્યા ઉપર જાણે અવાવરુ થઈ ગઈ હોય. આ જગ્યા ઉપર ઘણા બધા મકાનો આવેલા હોવાથી અહીના રહીશોમાં ઝેરી જીવજંતુનો ભય પણ ફેલાયો છે. આ બગીચામાં સફાઈના અભાવે મચ્છર-માખીના ઉપદ્રવના કારણે ઘણા માણસો બિમાર પણ પડયા છે. તંત્ર વેળાસર આ મામલાને ધ્યાને લઈ જે રીતે વધારાની વનસ્પતિ ઉગી છે તે તાત્કાલિક અસરથી કઢાવી નાંખે અને સાફ કરી આપે તેવી માંગણી સ્થાનિકો દ્વારા ઉઠવા પામી છે.

જેસીઆઈની યુવા ટીમે ગાંધીનગરનો જન્મદિવસ 'આઈ લવ ગાંધીનગર' ની થીમ પર ધામધૂમથી ઉજવ્યો હતો. શહેરની મધ્યે ઘ-૫ સર્કલ પાસે પસાર થતા વાહનો પર 'ડ્રાઈવ સેફલી'ના સંદેશ આપતા સ્ટીકર લગાવ્યા હતા. જેસીઆઈના પ્રમુખ કેતન નિર્મલે સમગ્ર ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮
સૂર્યાસ્ત : ૭.૧૧

તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ ૧૩૦ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્મુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

સૂર્યા, વાવોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
બી.એ. પાસઃ ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

વિરાગ, કલોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૫ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે ચાંદીના હિંડોળા

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

વૃષભ : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

તુલા : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

કુંભ : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

મીન : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

ચિરવિદાય

- સ્વ. મંગૂબેન શંકરભાઈ પટેલ (ઉ.વ. ૭૦) મુ.પો.લીંબોદર, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. મનસુખલાલ વસ્તીલાલ એરણપુરીયા (ઉ.વ. ૯૧) પ્લોટ નં. ૩૪૭, શોપિંગ સેન્ટર, સેકટર-૧૭, ગાંધીનગર.
- સ્વ. અલકાબેન દિલીપભાઈ વ્યાસ (ઉ.વ. ૪૩) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જસીબેન રામાભાઈ દંતાણી (ઉ.વ. ૭૦) મુ.પો. કોલવડા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. સુરજબેન શામુભાઈ પ્રજાપતિ(ઉ.વ. ૧૦૨) ૧૦૨, ઓમ રેસીડન્સી, મુ.પો. અડાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કીડીબેન જેસાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો.લવારપુર, તા., જિ. ગાંધીનગર.